# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૫૩ તા.૩૧-૮-૧૮

ફક્ત મ્યુનિ.શાળાઓ માટે :-

વિષય :- તા.૧ લી સપ્ટેમ્બરથી તા.૧૫-સપ્ટેમ્બર-૨૦૧૮ સુધી 'સ્વચ્છતા પખવાડિયા'ની ઉજવણી કરવા બાબત.

સંદર્ભ :- એસ.એસ.એ./સીવીલ/૨૦૧૮/૨૮૬૮૧-૨૮૭૯, તા.૩૦-૦૮-૨૦૧૮

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે ભારત સરકારના માનવ સંશાધન વિકાસ મંત્રાલય દ્વારા તા.૧ લી સપ્ટેમ્બરથી તા.૧૫-સપ્ટેમ્બર-૨૦૧૮ સુધી 'સ્વચ્છતા પખવાડિયા'ની ઉજવણી કરવાનું આયોજન કરેલ છે. આ પખવાડિયા અંતર્ગત તારીખ, દિવસવાર કરવાની થતી કામગીરીની રૂપરેખા આ સાથે આપવામાં આવેલ બિડાણ મુજબ છે. જેનું આપની કક્ષાએથી અમલવારી કરશો.

શાળામાં પખવાડિયા દરમ્યાન થયેલ પ્રવૃતિના ફોટોગ્રાફ, વિડિયો, અહેવાલ વગેરે સી.આર.સી.કો.ઓર્ડિનેટરના માધ્યમથી રોજે રોજ મોકલી આપવાના રહેશે. યુ.આર.સી.કો.ઓર્ડિનેટરે ઝોનમાંથી ૧૦ ફોટોગ્રાફ(શાળાનું નામ,તારીખ સાથે) MIS કો.ઓર્ડિનેટરને મોકલી આપવાના રહેશે. તેમજ યુ.આર.સી.કો.ઓર્ડિનેટરે YOUTUBE પર અપલોડ કરી તેની લીંક MIS કો.ઓર્ડિનેટરને મોકલી આપવાની રહેશે.

બિડાણ :- ૧ સંદર્ભિત પત્ર
૨ સ્વચ્છતા પખવાડિયાની ઉજવણી માટેનો કાર્યક્રમ

તા. ૩૧-૮-૧૮

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી

**પી. ભારતી** આઈ.એ.એસ.
સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર,
સર્વ શિક્ષા અભિયાન અને
પ્રાથમિક શિક્ષણ

ગુજરાત પ્રારંભિક શિક્ષણ પરિષદ
સર્વ શિક્ષા અભિયાન (એસએસએ)
સ્ટેટ પ્રોજેક્ટ ઓફિસ, સેક્ટર-૧૭
ગાંધીનગર-૩૮૨૦૧૦, ગુજરાત.
ફોન : (૦૭૯) ૨૩૨ ૪૩૧૩૩ ફેક્સ : ૨૩૨ ૩૮૪૦૪
E-mail : spdssa@gmail.com
Toll Free No. : 1800-233-7965

નં: એસએસએ/સીવીલ/૨૦૧૮/૨૮૬૮૧-૨૮૭૮૯     તા: ૩૦.૦૮.૨૦૧૮

પ્રતિ
જિલ્લા પ્રોજેક્ટ કો–ઓર્ડિનેટર અને
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી
જિ. તમામ

શાસનાધિકારીશ્રી
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિઓ
અમદાવાદ, રાજકોટ, વડોદરા, સુરત

**વિષયઃ તા.૧લી સપ્ટેમ્બર–૨૦૧૮ થી તા.૧૫ સપ્ટેમ્બર–૨૦૧૮ સુધી "સ્વચ્છતા પખવાડિયાની ઉજવણી કરવા બાબત**

**સંદર્ભઃ ભારત સરકારના માનવ સંસાધન વિકાસ મંત્રાલયના તા.૧૪.૮.૨૦૧૮ ના પત્ર ક્રમાંકઃ F.27-19/2017-EE.16**

ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, આપે આપના તાબાની તમામ પ્રાથમિક શાળાઓમાં ૧લી સપ્ટેમ્બર–૨૦૧૮ થી ૧૫ સપ્ટેમ્બર–૨૦૧૮ દરમ્યાન સ્વચ્છતા પખવાડિયાની ઉજવણી કરવાની છે આ પખવાડીયા અંતર્ગત તારીખ, દિવસવાર કરવાની થતી કામગીરીની રૂપરેખા આ સાથે આપવામાં આવેલ છે જેનું આયોજન આપની કક્ષાએથી કરવાનું રહેશે.

આપના ધ્વારા આ પખવાડિયા દરમ્યાન થયેલ પ્રવૃત્તિના ફોટોગ્રાફસ, વિડિયો, અહેવાલ વગેરે "સ્વચ્છતા પખવાડા" ની ઉજવણી અંગે રોજેરોજ થયેલ કાર્યક્રમોનું મોનિટરીંગ કરવાનું થાય છે. જેમાં રોજે રોજ તાલુકા દીઠ એક વિડીયો બનાવી Youtube માં અપલોડ કરી તેની Link અત્રેની કચેરીને મોકલી આપવાની રહેશે. દરરોજ તાલુકા દીઠ ૧૦ ફોટોગ્રાફ (એક ફોટો – ૧ MB સાઈઝ) અત્રેથી આપેલ ગૂગલ ડ્રાઈવમાં તારીખ વાઈઝ ફોલ્ડર બનાવી અપલોડ કરવાના રહેશે. દરેક ફોટાની નીચે જે તે શાળાનું નામ અને તારીખ લખવાની રહેશે. રોજે રોજ જિલ્લા દીઠ એક વિડીયો હિન્દી ભાષામાં તૈયાર કરી Youtube માં અપલોડ કરી Link મોકલી આપવાની રહેશે. આ કામગીરી જિલ્લા MIS અને તાલુકા કક્ષાએ બ્લોક MIS એ કરવાની રહેશે. રોજે રોજ અપલોડ કરેલ વિડીયો અને ફોટોગ્રાફનું મોનિટરીંગ કરવા ગુગલ ડ્રાઈવમાં બનાવેલ 'Swchhata Pakhwada Tracker Sheet' માં અપડેટ કરવાનું રહેશે. આ ગૂગલ શીટને આપના ઈમેઈલ આઈડીથી એકસેસ કરી શકાશે.

(પી. ભારતી)
સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટર
એસ.એસ.એ., ગાંધીનગર

**નકલ જય ભારત સહ જાણ અર્થે રવાના :**
- માન. અગ્ર સચિવશ્રી, શિક્ષણ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

**નકલ જાણ અર્થે રવાના :**
- મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, અમદાવાદ, રાજકોટ, વડોદરા, સુરત
- કલેકટરશ્રી, કલેકટરશ્રીની કચેરી, જિ. તમામ
- જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત ભવન, તમામ, જિ. તમામ
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, બ્લોક નં.૧૨/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

Scanned by CamScanner

## પરિશિષ્ટ

### તા.૧ થી ૧૫ સપ્ટેમ્બર–૨૦૧૮ દરમ્યાન સ્વચ્છતા પખવાડાની ઉજવણી માટેનો એકશન પ્લાન તારીખ વાઈઝ નીચે પ્રમાણે કાર્યક્રમ હાથ ધરવાના રહેશે.

| નંબર | તારીખ | કાર્યક્રમ |
|---|---|---|
| ૧ | તા. ૧.૯.૨૦૧૮ | **સ્વચ્છતા માટેનો શપથ દિવસ**<br>• તા. ૧લી સપ્ટેમ્બર ૨૦૧૮ શનિવારના રોજ તમામ શાળાઓ અને શૈક્ષણિક સંસ્થાઓના તમામ શિક્ષકો, કર્મચારીઓ અને તમામ વિદ્યાર્થીઓએ પ્રથમ દિવસે સ્વચ્છતાના શપથ સ્વચ્છ ભારત પખવાડા અંતર્ગત લેવાના રહેશે. |
| ૨ | તા. ૨.૯.૨૦૧૮ થી તા. ૪.૯.૨૦૧૮ | **સ્વચ્છતા જાગૃતિ દિવસ**<br>• સ્વચ્છતા પખવાડાના બીજા દિવસે શાળા વ્યવસ્થાપન સમિતિ (એસ.એમ.સી.)/પેરેન્ટસ ટીચર્સ એશોસીએશન (પી.ટી.એ.) ધ્વારા વાલીઓ અને શિક્ષકોની વચ્ચે સ્વચ્છતા અને ચોખ્ખાઈ બાબતે બેઠકનું આયોજન કરવાનું રહેશે તેમજ શાળાઓમાં તથા ઘરોમાં આરોગ્ય અને સ્વચ્છતા માટે સારી ટેવ કેળવાઈ તે માટે વિદ્યાર્થીઓને ઉત્સાહિત અને પ્રેરિત કરવા તેમજ શિક્ષકોએ પણ ઉત્સાહભેર ભાગ લેવો.<br>• એસએમસી અને વાલીઓ સાથે બેઠક<br>• પ્રાર્થના સભામાં વિદ્યાર્થીઓ ધ્વારા સ્વચ્છતા વિશે વ્યાખ્યાન આપે.<br>• દરેક વર્ગમાં સ્વચ્છતા કવીઝનું આયોજન કરવું.<br>• શાળાના ટોઈલેટ, મધ્યાંહન ભોજન રસોડુ, વર્ગખંડો, પંખા, બારી બારણા અને કેમ્પસની સફાઈ કરવી. |
| ૩ | તા. ૫.૯.૨૦૧૮ | **ગ્રીન શાળા ઝુંબેશ**<br>• ગ્રીન શાળા ઝુંબેશ અંતર્ગત તમામ શાળાઓમાં પ્રાયોજકો ધ્વારા મોટા ડસ્ટબીનો મુકવા. કચરાના નિકાલ માટે વાદળી અને લીલા રંગની ડસ્ટબીનનો ઉપયોગ કરતાં શિખવવો અને રિસાઈકલ/અનરિસાઈકલ માટેના વર્ગીકરણ વિશે બાળકોને સમજણ આપવી.<br>• શાળાના કેમ્પસમાં ઝાડ/છોડ વાવવા અને નકામું વહી જતું પાણીનો ઉપયોગ બગીચા માટે કરવો.<br>• શાળામાં તુટેલા ફર્નિચર, ન વપરાતા સાધનો, નકામા મટિરિયલ્સનો નિકાલ કરવો. |
| ૪ | તા. ૬.૯.૨૦૧૮ | **સ્વચ્છતા સહભાગીતા દિવસ**<br>• કલસ્ટર, બ્લોક અને જિલ્લાકક્ષાએ સ્વચ્છ શૌચાલય અને સ્વચ્છ શાળા કેમ્પસની સ્પર્ધા યોજવી.<br>• સ્વચ્છતા અને આરોગ્ય માટે શાળા કક્ષાએ વિદ્યાર્થીઓ માટે નિબંધ અને કવીઝ સ્પર્ધાનું આયોજન કરવું.<br>• વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓ માટે ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવું.<br>• સ્વચ્છતા અંગે ચર્ચા–વિચારણા કરવી.<br>• સ્વચ્છતા ઉપર કવિતાઓની રચના કરવી. |
| ૫ | તા. ૭.૯.૨૦૧૮ | **હેન્ડ વોશ દિવસ**<br>• જમતા પહેલા હાથ ધોવાની સાચી રીત દરેક વિદ્યાર્થીઓને બતાવવી.<br>• શાળાની નજીકના વિસ્તારના લોકોને સ્વચ્છતા માટે જાગૃત કરવા.<br>• દિવ્યાંગ બાળકો માટે પીવાના પાણી અને સેનિટેશનની સુવિધા સરળતાથી મળી શકે તે સુનિશ્ચિ કરવું. |
| ૬ | તા. ૮.૯.૨૦૧૮ | **વ્યકિતગત સ્વચ્છતા દિવસ**<br>• વ્યકિતગત સફાઈની મહત્તા વિશે વિદ્યાર્થીઓને અવગત કરવા.<br>• સ્વચ્છતા અને આરોગ્ય પરસ્પર કઈ રીતે સંકળાયેલા છે તે બાબતે સમજાવવું. |
| ૭ | તા. ૯.૯.૨૦૧૮ થી તા. ૧૦.૯.૨૦૧૮ | **સમુદાય જાગૃતિ દિવસ**<br>• શાળાની આજુબાજુનો વિસ્તાર અને ગામની સામૂહિક સ્વચ્છતાના કાર્યક્રમો યોજવા.<br>• રેલીનું આયોજન કરવું.<br>• વિદ્યાર્થીઓને સ્વચ્છ પીવાના પાણી અને વ્યકિતગત સફાઈના ફાયદા અંગે જાણકારી આપવી. |

Scanned by CamScanner

| | | |
|---|---|---|
| | | • વિદ્યાર્થીઓ, વાલીઓને પોતે છેલ્લા ૧૦ દિવસમાં કરેલ સ્વચ્છતાની કામગીરીથી વાકેફ કરે. વાલીઓ પણ સ્વચ્છતા જાળવે તે માટે વાલીઓને વિનંતી કરતો પત્ર લખે.<br>• જિલ્લાકક્ષાએ આ માટે એક કમિટિ બનાવી જિલ્લા કલેકટરશ્રી આ કમિટિના સભ્ય સચિવ રહેશે. માન.સંસદસભ્યશ્રી તેના અધ્યક્ષ રહેશે. કમિટિની બેઠક કરવી. સ્વચ્છતા જાગૃતિ માટે પ્રસાર–પ્રચાર કરવો. |
| ૮ | તા. ૧૧.૯.૨૦૧૮ | **<u>સ્વચ્છ શાળા પ્રદર્શન દિવસ</u>**<br>• શાળાઓમાં સ્વચ્છતા પ્રવૃત્તિઓ માટે ફોટોગ્રાફસ, ચિત્ર, કાર્ટૂન અને સ્લોગનો શાળાના નોટીસ બોર્ડ પર મૂકવા અને વાલીઓ અને સમુદાયોના સભ્યોને પ્રદર્શન જોવા માટે આમંત્રિત કરવા.<br>• સ્થાનિક સહયોગ મેળવી સોશ્યલ મિડિયા, ઈલેકટ્રોનીકસ અને પ્રિન્ટ મિડિયા ધ્વારા જાહેરાત અને જાગૃતિ ફેલાવવી. |
| ૯ | તા. ૧૨.૯.૨૦૧૮ | **<u>સ્વચ્છ પાણી દિવસ</u>**<br>• સંગ્રહિત પાણીની ચકાસણી કરવી.<br>• સ્વચ્છતા અભિયાન અંતર્ગત શાળાઓ અને સંસ્થાઓ ધ્વારા સામૂહિક ભાગીદારીનું આયોજન.<br>• સલામત પીવાના પાણીને પ્રોત્સાહન આપવું અને પાણીજન્ય રોગોથી બચવા જાગૃતિ લાવવી.<br>• પાણીને કુદરતી રીતે સ્વચ્છ રાખવા "દા.ત. કુદરતી રીતે રેતી ધ્વારા ગાળવું. ફટકડીનો ઉપયોગ કરવો". |
| ૧૦ | તા. ૧૩.૯.૨૦૧૮ | **<u>સ્વચ્છ પાણી સંગ્રહ દિવસ</u>**<br>• વિદ્યાર્થીઓને સ્વચ્છતા સબંધિત મટીરીયલ વિશે માહિતી આપવી અને મટીરીયલ પુરુ પાડવું.<br>• શાળાઓમાં શિક્ષકો અને વિદ્યાર્થીઓ ધ્વારા વોટર હાર્વેસ્ટીંગ (પાણી સંગ્રહ) બનાવવા આયોજન કરવું. |
| ૧૧ | તા. ૧૪.૯.૨૦૧૮ | **<u>ઈનામ વિતરણ દિવસ</u>**<br>• સ્વચ્છતા માટે પ્રોત્સાહિત કરવા માટે પેન્ટીંગ, નિંબધ, ચર્ચા અને કવિઝ સ્પર્ધાઓમાં બાળકો, શિક્ષકો અને માતા–પિતાઓની ભાગીદારી માટે પુરસ્કાર વિતરણ .<br>• બધી શાળાઓ/શૈક્ષણિક સંસ્થાઓ તાલુકા પખવાડા દરમ્યાન કાર્યરત થતી પ્રવૃતિઓ અને પ્રવૃતિઓની વિગતો વેબસાઈટ પર અપલોડ કરવા માટે જિલ્લા/રાજય કક્ષાએ ફોરવર્ડ કરવું.<br>• ભાગ લીધેલ શાળાઓએ સંખ્યા જિલ્લાકક્ષાએ ગુગલ ટ્રેકરમાં અપડેટ કરવી.<br>• જિલ્લા કક્ષાએ શ્રેષ્ઠ ત્રણ વિજેતાઓના પેઈન્ટીંસ અને નિબંધ સ્કેન કરી ગુગલ ડ્રાઈવમાં અપલોડ કરવા. |
| ૧૨ | તા. ૧૫.૯.૨૦૧૮ | **<u>સ્વચ્છતા હી સેવા દિવસ</u>**<br>• "સ્વચ્છતા એ જ સેવા" દિવસની ઉજવણી કરવી. દરેક બાળકોને સાંકળવા.<br>• આઉટડોર સ્વચ્છતા ઝુંબેશો સહભાગી દ્વારા ૬ થી ૮ના વિદ્યાર્થીઓ દ્વારા શ્રમદાન.<br>• હાથ ધોવા/ સાબુ અભિયાનમાં ભાગ લેવા માટે વર્ગ–૩ થી ૫ વિદ્યાર્થીઓ<br>• સ્વૈચ્છિત તરફના યોગદાન અને ભાવિ યોગદાન માટેના વચન આપતા માનનીય વડા પ્રધાનને પોસ્ટકાર્ડસ લખવા માટે પ્રોત્સાહિત કરવાના વિદ્યાર્થીઓ.<br>• ગુગલ ટ્રેકર પર જિલ્લાકક્ષાએથી શ્રમદાનની પ્રવૃતિઓમાં ભાગ લેનારા વિદ્યાર્થીઓની સંખ્યા ૧ થી ૩ થી ૫ વર્ગના વિદ્યાર્થીઓ દ્વારા હાથ ધોવા/ સાબુ અભિયાન, ૨) ૬ થી ૮ વિદ્યાર્થીઓના આઉટડોર સ્વિકાત અભિયાન અને ૩) માનનીય વડા પ્રધાનને પોસ્ટકાર્ડસ આપનાર વિદ્યાર્થીઓની સંખ્યા અપલોડ કરવી. |

Scanned by CamScanner